# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com

CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૮/ક્વા-૦૨/૨૦૨૦-૨૧/૬૨ તા.૧૦.૦૨.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૪૮/ક્વા-૦૨/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી લક્ષ્મણભાઈ પરસોતમભાઈ કથીરિયા ગામ – આંકોલવાડી-ગીર

સબડીવીઝન: આંકોલવાડી

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી વેરાવળ

## :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |
| 3) મેમ્બર ટેકનીકલ | : | શ્રી કે.વી.ભટ્ટ |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વિભાગીય કચેરી, વેરાવળ

તારીખ: ગુરુવાર (૨૮.૦૧.૨૦૨૧)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૮.૦૧.૨૦૨૧ (ગુરુવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, હાલ અમો ગ્રાહક ગામ આંકોલવાડી ગમે અમોએ ચારચોક વિસ્તાર માં અમોને દુકાનો બનાવેલી હોય હાલ અમોને અમારી માલીકી ને જગ્યા માં સિંગલ ફેઝ કોમરસીયલ (સીએલ) કનેક્શન લેવાનું હોય હાલ અમોએ પીજીવીસીએલ માં તમામ ડોક્યુમેંટ સાથે ગામના નમુના નં. ૨ પણ આપેલ હોવા છતાં પીજીવીસીએલ અમોને કોમરસીયલ (સીએલ) કનેક્શન આપતી નથી એચએએલ અમો ગ્રાહક કચેરી માં અવાર નવાર રૂબરૂ જવા છતાં કોઈ પણ

જવાબ મળતો નથી,તેમજ એચએએલ અમારા આંકોલવાદી ગામ વિસ્તાર માં અન્ય ઘણી બધી જગ્યા માં રેસીડેન્સિયલ જગ્યા માં પીજીવીસીએલ કંપની દ્વારા કોમરસીયલ (સીએલ) કનેક્શન આપવા માં આવેલ હોય તો અમોને પીજીવીસીએલ કંપની શા માટે કોમરસીયલ (સીએલ) કનેક્શન આપતી નથી.આ અરજી સ્વીકારી વહેલી તકે કાર્યવાહી કરવા નમ્ર વિનતી.આ બાબતે અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે..

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ શ્રી કથીરિયા લક્ષમણભાઈ પરસોતંભાઈ એ સિંગલ- ફેઝ રહેણાક હેતુ માટે નવા વીજ જોડાણ ની અરજી કરેલ હતી. તેમજ સદર અરજી માં જોડેલ ગામ ના નમુના-૨ માં રહેણાક હેતુ દર્શાવેલ. તેમજ શ્રી કથીરિયા લક્ષમણભાઈ પરસોતંભાઈ એ અરજી સાથે રજુ કરેલ બાહેંધરી માં પણ R .L. દર્શાવેલ છે. પરંતુ સદર સ્થળ પર વીજ જોડાણ માટે નું સર્વે આંકોલવાડી કચેરી ના અધિકારીશ્રી દ્વારા હાથ ધરતા સદર સ્થળ પર કોમ્પલેક્ષ (વાણીજ્ય) હેતુ માટેનું બાંધકામ જોવા મળેલ છે. તેમજ સદર વીજ જોડાણ સદર કોમ્પલેક્ષ ની દુકાન કે જેમાં મોબાઈલ શોપ આવેલ છે. તેમાં આપવાનું થતું હોય.

૩.૧ જે રજુ કરેલ પુરાવાઓ સાથે વિસંગતતા જોવા મળેલ છે. જેથી તેઓશ્રી ને સંદર્ભિત પત્ર થી જણાવેલ કે તેઓશ્રી ને સદર સ્થળ પર વાણીજ્ય હેતુનું વીજ જોડાણ જોઈતું હોય તો ગ્રામ પંચાયત આંકોલવાડીની એન.ઓ.સી. અથવા તો વાણીજ્ય હેતુ માટેના જરૂરી પુરાવાઓ રજુ કરવા. વિશેષ માં સદર સ્થળ પર થયેલ કોમ્પલેક્ષ બાબતે કોર્ટ મેટર ચાલતી હોય, સંદર્ભિત પત્ર થી છગનભાઇ બાવાભાઈ સાવલીયા ની વાંધા અરજી આવેલ હોય, આ બાબતે જરૂરી સ્પષ્ટતા કરવા તથા વાણિજ્ય હેતુ માટેના જરૂરી પુરાવા રજૂ કરવા ગ્રાહક શ્રી કથીરિયા લક્ષમણભાઈ પરસોતંભાઈ ને સંદર્ભિત પત્ર થી જણાવેલ તેમજ તે રજૂ થયે તેઓશ્રી ના સદર વીજ જોડાણ ની કાર્યવાહી હાથ ધરી શકાય. તેવું પેટા વિભાગીય કચેરી આંકોલવાડી દ્વારા જણાવેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે અરજદારશ્રી પાસે થી કંપની ના નિયમ મુજબ વાણિજ્ય હેતુ માટેના જરૂરી દસ્તાવેજી પુરાવા લઈ અને કનેક્શન કંપની ના નિયમ મુજબ આપવા માટે હુકમ કરવામાં આવે છે.

૪.૨ આ મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| શ્રી એન.એસ.પંડયા | શ્રી કે.વી.ભટ્ટ | શ્રી બી.પી.બુચ |
| --- | --- | --- |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯